# ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં લઠ્ઠાકાંડ સર્જાવાની ભીતી સેવાઈ રહી છે

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા શહેરની અને તાલુકાના યુવા ધન દિન પ્રતિદિન નશાખોરી તરફ ધકેલાય રહ્યું છે. અહીં નાના બાળક પણ નશીલા પ્રદાથોના લતે ચઢેલા જોવા મળે છે. રાત દિવસ અહીં લોકો નશાની લતે ચડી રહ્યા છે. અડીને આવેલા રાજ્યમાંથી બેરોકટોક નશીલા પદાર્થોની હેરાફેરી થઈ રહી છે. એક તરફ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વનવાસી બંધુઓ માટે એમને આગળ લાવવા માટે પ્રયાસ કરી છે ત્યારે અહીના આલા અધીકારીઓની રહેમદષ્ટી નીચે નશીલા પદાર્થોની હેરાફેરી થઈ રહી છે તેને લઈને વનવાસી ભાઈઓ ખોટી રીતે નશાની લતે ચડી રહ્યા અને આમ જનતા પણ બેરોકટોક નશીલા પદાર્થો મળતા જાહેરમાં બીભત્સ વર્તન કરે છે. મહીલાઓ માટે માથાંના દુખાવા સમાન બની રહ્યું છે. અમુક વિસ્તારમાં તો મહીલાઓને ઘર બહાર નીકળવું ભારે પડી જાય છે. ગામડામાં ગાળતા આ નશીલા પદાર્થોને સરકાર તરફથી બંધ કરવામાં નહી આવે તો ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં એક દિવસ મોટો લઠ્ઠાકાંડ સર્જાવાની ભીતી સેવાઈ રહી છે. જો કે અહીં જીલ્લાકક્ષા અને રાજયકક્ષાના અધીકારીઓએ રસ લઈ આ બાબતે સજાગ થઈ યુવા ધનને બરબાદ થતું અટકાવે તેવી પ્રજાની માગ ઉઠવા પામી છે.

# અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ૩૪ ગુન્હામાં સંડોવાયેલ મુખ્ય સૂત્રધાર સહિત અન્ય એકને દબોચ્યો

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ચોરીઓનો આંકમાં નોંધપાત્ર વધારો થતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલના માર્ગદર્શન હેઠળ સૂત્રધાર દશરથ ભેરાજી ડામોર અને અન્ય સખ્શને દબોચી લીધો હતો અને ૧.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી અન્ય ૧૫ ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.



જીલ્લા એલસીબી પીઆઈ નાગજી રબારી અને તેમની ટીમે રાજસ્થાન અને ગુજરાતમાં તપાસ હાથ ધરી બાતમીદારો કામે લગાડતા ચોક્કસ બાતમી મળતા જીલ્લા એલસીબી પોલીસે ભિલોડાના ધોલવાણી ચાર રસ્તા નજીકથી ભિલોડામાં સોના ચાંદીના દાગીના વેચવા ડિસ્કવર બાઈક લઈને પહોંચતા મુખ્ય (રહે,ખડકાયા, તા.ખેરવાડા, રાજસ્થાન)ને જીલ્લા એલસીબી પોલીસે ભિલોડા નજીકથી દબોચી લીધા હોવાનું જણાવ્યું હતું. ભિલોડા સોનીને ચોરીનો મુદ્દામાલ વહેંચે તે પહેલા તેમની પાસેથી ચાંદીની લગડીઓ-૫ વજન ૩ કિલો કીં. રૂ. ૧૧૧૦૦૦ તથા ડિસ્કવર બાઈક કીં. રૂ.૨૫૦૦૦ મળી કુલ રૂ. ૧૩૬૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી અરવલ્લી જીલ્લામાં-૧૨ અને સાબરકાંઠા જીલ્લામાં-૩ ગુન્હા વધુ ઉકેલવામાં સફળતા મળી હોવાનું જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે પ્રેસ કોન્ફરન્સ યોજી પોકેટ કોપ ઈ-ગુજકોપની મદદથી ભિલોડા, શામળાજી અને સાબરકાંઠા જીલ્લામાં ૩૪ ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર દશરથ ભેરાજી ડામોર તથા તેના સાગરીત પપ્પુ કવા ડામોર



## ધનસુરા તાલુકાની આકરૂન્દ પ્રાથમિક શાળામાં કાવ્યોત્સવ યોજાયો

સાહિત્ય-સરિતા મુંબઈ પરિવર્તન પુસ્તકાલય કાંદિવલી સ્ઈઈ્ ઈન્ડિયા ફાઉન્ડેશન અને આકરૂન્દ આદર્શ પ્રાથમિક શાળા ના સંયુક્ત ઉપક્રમે કાવ્યોત્સવ યોજાયો હતો.જેમાં તળાજા અને અમદાવાદ થી આમંત્રિત કવિઓ કાર્યક્રમ માં ઉપસ્થિત રહ્યા હતા. રમેશભાઈ ચૌહાણ,મયંકભાઈ ઓઝા, રક્ષાબેન શુક્લ અને હરદ્વાર ગોસ્વામી સહિતના કવિઓ ઉપસ્થિત રહ્યા હતા. કવિઓએ પોતાની કવિતાઓ થી લોકો ને મંત્રમુગ્ધ કર્યા હતા.આ કાર્યક્રમ માં આજુબાજુ ના ગામના કાવ્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ માં એસએમસી સભ્યો, ગામ લોકો, ગામના આગેવાનો અને નિવૃત્ત નાયબ નિયામક - વી.જે.વાળંદ સાહેબ, નિવૃત્ત બીટ નિરીક્ષક જે.સી.પટેલ,બીટ નિરીક્ષક આર.એચ.દેસાઈ, શાળા ના આચાર્ય ઈશ્વરભાઈ પ્રજાપતિ,એસએમસી સભ્ય કમલેશભાઈ પટેલ,સી.આર.સી ઘનશ્યામભાઈ પટેલ તથા શાળા ના શિક્ષક નિતીનભાઈ સૌના સહકાર થી કાર્યક્રમ સફળ બન્યો હતો.

# શામળાજી ચેકપોસ્ટ પર ચાલતા કૌભાંડનો પર્દાફાશ

શામળાજી, તા. ૬

દેશની સૌપ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે. નં. ૮ પર સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા રતનપુર નજીક આરટીઓ ચેકપોસ્ટનું નિર્માણ કરી આરટીઓ ચેકપોસ્ટ પર થતા ભ્રષ્ટાચારને અટકાવવા કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કર્યા બાદ રાજ્ય સરકારની તિજોરીની અવાક વધાવાને બદલે સતત ઘટાડો થતા અને શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર અધિકારીઓ, કર્મચારીઓ અને ફોલ્ડરિયાઓની મીલીભગતથી દરરોજ લાખ્ખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અનેક બૂમો ઉઠતા એસીબીની ટિમો દ્વારા અનેકવાર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું પરંતુ ભ્રષ્ટાચાર અટકવાનું નામ ન લેતા અને શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પરથી ગેરકાયદેસર ઓવરલોડ વાહનો બારોબાર કાઢવામાં આવતા



હોવાનો અને ભ્રષ્ટાચાર આદરવામાં આવતી હોવાની માહિતી જિલ્લા પોલીસવડા મયુર પાટીલને મળતા શામળાજી પીએસઆઈ ચૌહાણને બાતમીના આધારે માર્ગદર્શન આપી મુંબઈથી ઉદેપુર જતી ઓવરલોડ ટ્રક ને બરોબર જવા દઈ ૮૦૦ રૂપિયા લીધા હોવાની જાણ થતા રાજસ્થાન પ્રવેશે તે પહેલા ટ્રકને અટકાવી ઓવરલોડેડ વાહનો પસાર કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈથી ઉદેપુર ઓવરલોડેડ માલસામાન ભરી જતી ટ્રક (ગાડી.નં.જીજે.૩૧. ટી.૭૨૮)માં વાહનની ક્ષમતા કરતા ૫ ટન માલ વધુ ભરેલ હોવા છતાં શામળાજી ડિજિટલ ચેકપોસ્ટ પરથી તરકીબ અપનાવી પસાર કરી દઈ મુકેશ નામના ફોલ્ડરને ૮૦૦ રૂપિયા ખંખેર્યા હોવાની બાતમી જિલ્લા પોલીસવડા મયુર પાટીલને મળતા તાત્કાલિક સમગ્ર ઘટના અંગે શામળાજી પીએસઆઈ ચૌહાણને જાણ કરી માર્ગદર્શન આપી ગેરકાયદેસર રીતે પસાર થતી ટ્રક રાજસ્થાનમાં પ્રવેશે તે પહેલા અટકાવી દઈ વજન કાંટા પર વજન કરાવતા ટ્રકમાં ૨૨ ટન માલ હોવાનું અને ટ્રકની ક્ષમતા કરતા ૫ ટન માલ વધુ હોવા છતાં પસાર થવા દીધી હોવાની જાણ થતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દેશની સૌપ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ પર ચાલતા કૌભાંડનો પર્દાફાશ કરવામાં સફળતા મળી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## હિંમતનગરમાંથી યુવતી ગુમ થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના ચિસ્તીયાનગરમાં રહેતી એક યુવતી ગુરૂવારે બ્યુટી પાર્લરમાં જવાનુ કહી પરત ન આવતા તેણીના વાલીવારસોએ શુક્રવારે યુવતી ગુમ થયાની જાણ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં કરી હતી.

આ અંગે ચિસ્તીયાનગરમાં રહેતા આરીફ ઈબ્રાહીમભાઈ કેલાવાલાએ પોલીસને કરેલી લેખિત જાણમાં જણાવ્યા મુજબ ગુરૂવારે બપોર બાદ ઈબ્રાહીમભાઈની દિકરી આસેફાબીબી બ્યુટીપાર્લરમાં જાઉ છુ તેમ કહી ઘરેથી ગયા બાદ સાંજ સુધી પરત ન આવતા પરીવારજનોએ શોધખોળ કરી હતી. પરંતુ આસેફાબીબીનો કોઈ પત્તો ન મળતા તેણીના ભાઈઓ આરીફ કેલાવાલાએ શુક્રવારે બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# મોડાસાના વાંટડા ટોલપ્લાઝા ને. હા. નં-૮ પર અસામાજિક તત્વોનો વાહનચાલકો પર દસ દિવસથી પથ્થરમારો

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં અસામાજિક તત્વોનો રંજાડ દિવસેને દિવસે વધી રહ્યો છે. અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં.૮ પર આવેલા વાંટડા ટોલપ્લાઝાથી સુનોખ ગામ સુધીના વળાંક અને ઢાળ નજીકથી પસાર થતા વાહનચાલકો પર છેલ્લા કેટલાક દિવસોથી અસામાજિક તત્વો પથ્થરમારો કરતા હોવાથી વાહનોના કાચ તૂટી જતા વાહનચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. શામળાજી અને મોડાસા ગ્રામ્ય વિસ્તાર પોલીસ તંત્રને સમગ્ર ઘટનાની જાણ હોવા છતાં આંખ આડે કાન કરતા અસામાજિક તત્વોનો રંજાડ વધતા મોડાસા રૂરલ પોલીસ અને શામળાજી પોલીસ તંત્રનો કાફલો ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસાના વાંટડા ટોલ પ્લાઝા નજીક કેટલાક





સમયથી દારૂડિયાઓ અને અસામાજિક તત્વો હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો પર અગમ્ય કારણોસર પથ્થરમારો કરી વાહનોના કાચ તોડી નાખતા અને ટોલ પ્લાઝાની હાઈવે પેટ્રોલિંગવાનને પણ નિશાન બનાવતા વાહનચાલકોમાં ભયનો માહોલ છવાયો હતો. આ લુખ્ખા તત્વો મુખ્યત્વે એકલ દોકલ બાઈક ચાલક પર પથ્થરમારો કરતા બાઈક ચાલક પટકાતા મોબાઈલ અને રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા હોવાની અનેક ઘટનાઓ ટૂંક સમયમાં બનતા લૂંટનો અને પથ્થરમારાનો ભોગ બનેલ વાહનચાલકો દ્વારા પોલીસતંત્રમાં જાણ કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન કરતા અસામાજિક તત્વો બેફામ બની સતત પથ્થરમારો કરતા આખરે શામળાજી પોલીસ અને મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે ધસી આવી પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હોવાની માહિત પ્રાપ્ત થઈ હતી.

છેલ્લા દસ દિવસથી વધુ સમયથી વાહનચાલકો પર થતા પથ્થરમારાની ઘટનાને પોલીસતંત્ર દ્વારા અગમ્ય કારણોસર ઢાંકપિછોડો કરવામાં આવ્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. રોડ પરથી પસાર થતા વાહનચાલકોને નિશાન બનાવી પથ્થરમારો કરતા લુખ્ખા તત્વોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ વાહનચાલકોમાં પ્રબળ બની છે.

# દેધરોટાની કોટન ઈન્ડસ્ટ્રીઝમાંથી ૮૧ હજારના દિવેલા ચોરાતા ફરીયાદ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર તાલુકાના દેધરોટા ગામની સીમમાં આવેલ એક કોટન ઈન્ડસ્ટ્રીઝમાંથી અઢી માસ અગાઉ બે શખ્સો રૂ. ૮૧ હજારના દિવેલાની ૨૪ બોરી બે શખ્સો ચોરી કરીને ભાગી જતા તેમની વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ બાદ પોલીસે વિજાપુર તાલુકાના જુના દેવપુરા ગામના બે જણાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે દેધરોટાની સીમમાં આવેલ રાધેશ્યામ કોટન ઈન્ડસ્ટ્રીઝના જીતેન્દ્રકુમાર કાંતિલાલ પટેલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૪ જુલાઈના રોજ વિજાપુર તાલુકાના જુના દેવપુરા ગામના સિંધુસિંહ ઉર્ફે ચકો કાળુસિંહ રાઠોડ તથા સંજયભાઈ બાબુભાઈ રાવળે ભેગા મળી કોટન ઈન્ડસ્ટ્રીઝના બંધ શેડનો દરવાજો ખોલી અંદર પ્રવેશ કરી રૂ. ૮૧ હજારની કિંમતની દિવેલાની ૨૪ બોરીની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે જીતેન્દ્રકુમાર પટેલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે ફરીયાદ નોંધાવતા પોલીસે બંને જણાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



ધનસુરા તાલુકાના દોલપુર ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાભાર્થીઓને લાભ અપાયો હતો. અરજદારોની અરજીઓની પણ કામગીરી કરાઈ હતી. તથા સમગ્ર વહીવટીતંત્રના અધિકારીઓએ હાજર રહી કાર્યક્રમને ખુબ જ સુંદર અને સફળ બનાવ્યો હતો. જે બદલ સમસ્ત ગ્રામજનોએ આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં એસડીએમ, મામલતદાર, ધનસુરા તાલુકા પંચાયતના પ્રમુખ કનુભાઈ પટેલ, જામઠા પંચાતના સરપંચ, ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા કાબોલા ગુરૂકૃપા ક્રાફટ મીલ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત

મોડાસાના કાબોલા ગામે આવેલ ગુરૂકૃપા ક્રાફટ પેપર મીલમાં કામ કરતા પરપ્રાંતીયોને હાંકી કાઢવા હલ્લાબોલ કરનાર અને પથ્થરમારો કરનાર ૧૩ ઈસમોને સ્થળ પરથી ધરપકડ કરી સ્થળપર ૬ બાઈક મૂકી ભાગી જનાર ઈસમો અને ૨૫૦ના ટોળા સામે મોડાસા રૂરલ પોલીસે સ્ટેશનના પીએસઆઈએ ફરિયાદી બની ફરિયાદ દાખલ કરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા પેપરમીલ બહાર મોટી સંખ્યામાં બંદોબસ્ત ગોઠવી પરપ્રાંતીઓને સુરક્ષા પુરી પાડવામાં આવી હતી. હાલ શાંતિપૂર્ણ માહોલ જોવા મળતા જીલ્લા પોલીસતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. મોડાસાના કાબોલા ખાતે આવેલ પેપર મીલમાં ઉત્તરપ્રદેશ રાજસ્થાન અને બિહારના ૧૨૫થી વધુ કર્મચારીઓ હાલ કામ કરી રહ્યા છે. વર્ષોથી ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી હોય એવા કર્મચારીઓએ પણ ઢૂંઢરની ઘટનાને દુ:ખદ ગણાવી હતી. અને ગુનેગારને ચોક્કસથી સજા મળે એવી માંગ કરી સમગ્ર ઘટના બાબતે તેઓએ જણાવ્યું હતું કે જે ગુનેગાર છે તેમને ચોક્કસ સજા થવી જોઈએ જણાવી કોઈપણ પરપ્રાંતીય વ્યક્તિ કે પરિવાર આવા નરાધમોને લીધે ઘણું બધું ભોગવવાનું અને સહન કરવું પડતું હોવાનું દર્દભરી યાતના સાથે જણાવ્યું હતું.





## કાંકરેજ તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે

કાંકરેજ, તા. ૬

કાંકરેજ તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે. વડા, ઠાકોરવાસ, અટુંબીયાવાસ એમ કુલ ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણીનું જાહેરનામું બહાર પડતાં ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ત્યારે વડા ગ્રામ પંચાયતમાં સરપંચ ઉમેદવાર તરીકે કસુબેન ખેમાભાઈ ભગી અનુસૂચિત જાતિ સ્ત્રી સીટ હોવાથી માત્ર એક ફોર્મ રજૂ કરવામાં આવ્યું હતું અને વોર્ડ.૧૨ છે તેની સામે ૨૦ સભ્યોના ઉમેદવારોએ પોતાના ફોર્મ રજૂ કર્યા હતા. ચૂંટણી અધિકારી તરીકે બી. એમ. જોષી તેમજ મદદનીશ સુરસંગજીએ કામગીરી કરી હતી. ત્યારે અટુંબીયાવાસમાં ઠાકોર સેના અગ્રણી નરેશજી લેરાજીના ધર્મપત્ની ઠાકોર સૂર્યાબેન નરેશજીએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી અને કુલ ૯ સરપંચ, ૯ સભ્યોએ ફોર્મ રજૂ કર્યા હતા અને ઠાકોર વાસમાં ૮ સરપંચ, ૮ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી આમ કાંકરેજ તાલુકાના ત્રણ ગામની સામાન્ય ચૂંટણી માટે પડઘમ વાગતાં પ્રચાર પ્રસારનો દોર શરૂ થઈ ગયો છે. ત્યારે વડા ગ્રામ પંચાયત સમરસ બને તેવી શક્યતા વધારે છે.

## પ્રાંતિજ એકસપેરિમેન્ટલ કોલેજનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા સંજયકુમાર ચંદુલાલ



પટેલ કે જેવો એકસપેરિમેન્ટલ કોલેજ ઓફ એજ્યુકેશન પ્રાંતિજમાં અધ્યાપક છે. જેવોએ રાજસ્થાનના ઉદેપુર યુનિવર્સિટીથી 'એજયુકેશન' વિષયમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરતાં માતા-પિતા સમાજ તથા કોલેજનુ નામ રોશન કર્યુ છે. સગા સબંધીઓ સ્નેહીજનો મિત્રો કોલેજ સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.



## ડીસામાં ગોલ્ડ કીટી ગ્રૂપ દ્વારા શ્રાદ્ધ નિમિતે ભોજન

ડીસા શહેરમાં કાર્યરત ગોલ્ડ કીટી ગ્રૂપ દ્વારા અનેકવિધ સેવાકીય કાર્યો કરાય છે.. ત્યારે શહેરની મધ્યમાં આવેલા સેવાધામ સમા સાઈબાબા મંદિર ખાતે પણ અત્યારે શ્રાધ્ધ નિમિતે ગોલ્ડ કીટી ગ્રૂપ દ્વારા દરરોજ ગરીબોને ખીર સાથેનું જમણ પીરસાય છે.. ડીસાનું સાઈબાબા મંદિર આસ્થા કેન્દ્ર સાથે સેવાનું ધામ પણ બની રહ્યું છે. ત્યારે શ્રાધ્ધના ૧૬ દિવસ દરમ્યાન ગોલ્ડ કીટી ગ્રૂપ દ્વારા આપવામાં આવી રહેલા જમણવારનો લગભગ ૫૦૦થી વધુ લોકો લાભ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગોલ્ડ કીટી ગ્રૂપ દ્વારા દર ગુરુવારે પણ સાઈબાબા મંદિરમાં ગરીબોને ભોજન પીરસાય છે.

## મોડાસા સબજેલમાં ભજનસંધ્યા યોજાઈ

મોડાસા શહેરમાં આવેલી સબજેલમાં કેદીઓના હૃદયપરિવર્તન થાય અને જેલમાંથી છૂટ્યા પછી ફરીથી ગુન્હાહિત પ્રવૃતિઓમાં ન સપડાય તેવા ઉમદા હેતુથી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની સાપ્તાહિક ઉજવણીના ભાગરૂપે મોડાસા જેસીઆઈ, જાયન્ટ્સ અને શબ્દસેતુ સંસ્થા દ્વારા શનિવારે મોડાસા સબજેલમાં ભજનસંધ્યા અને કવિતાઓનું પઠન કરવામાં આવ્યું હતું. જેમાં શબ્દસેતુના પ્રમુખ જીગ્નેશ સુથાર, સલાહકાર નિલેશભાઈ જોશી, જાયન્ટ્સ મંત્રી અમિત કવિ અને જેસીઆઈના મંત્રી ધર્મેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.